**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૯ ટકા

# મનપામાં ભળેલા ૧૮ ગામની સમસ્યાઓ ઉકેલવા તાકીદ

**રાંધેજામાં ઉભરાતી ગટરની સમસ્યાના નિવારણ માટે તંત્રને દોડતુ કરવામાં આવ્યુ છે - રીટાબેન પટેલ : પાણી, ગટર, રસ્તા અને સ્ટ્રીટ લાઇટ સંબંધિત કામગીરીઓ અગ્રતાના ધોરણે હાથ પર લેવાશે : ફરિયાદ માટે પંચાયત પર મહાપાલિકાના શાખાવાર અધિકારીના નામ નંબરના પાટિયા મુકવા આદેશ**

ગાંધીનગર, તા.૩

રાજ્ય સરકાર દ્વારા પેથાપુર નગર પાલિકા અને ૧૮ ગામ વિસ્તારને ગાંધીનગર મહાપાલિકામાં ભેળવવામાં આવ્યા છે ત્યારે મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા આ તમામ ગામમાં માળખાકીય સુવિધા સંબંધિ સમસ્યાઓના ઉકેલ માટે અધિકારીઓની બેઠક બોલાવાઈ હતી. જે તે ગામની જવાબદારી સંભાળતા અધિકારીઓ પાસેથી હકિકતલક્ષી માહિતી મેળવવાની સાથે પાણી, ગટર, રસ્તા અને સ્ટ્રીટ લાઈટ સંબંધિ કામગીરીઓ અગ્રતાના ધોરણે હાથ પર લેવા અને સમસ્યાઓનું નિવારણ લાવવા તાકીદ કરી હતી. મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યું કે રાંધેજા ગામમાં ઉભી થયેલી ગટર ઉભરાવાની સમસ્યાનું નિવારણ કરવા માટે તંત્રને દોડતુ કરવામાં આવ્યુ છે. સાથે જ ગ્રામજનો સમસ્યા સંબંધે ફરિયાદ કરી શકે તેના માટે મહાપાલિકાના શાખા અધિકારીઓના નામ અને ફોન નંબર દર્શવતા પાટિયા મુકવા આદેશ કર્યો હતો.

મેયરશ્રી દ્વારા નવા ભળેલા ગામનો ચાર્જ સોંપાયો છે, તેવા અધિકારીઓને સ્પષ્ટ જણાવ્યુ હતું કે પંચાયતની ઓફિસ પરલોકોની ફરિયાદ સાંભળવા અને યોગ્ય જવાબ આપવા માટે એક માણસ કાયમી ધોરણે ગોઠવવામાં આવે. ઉપરાંત એમ પણ કહ્યુ હતું કે લોકો ફરિયાદ કરવા આવે તે પહેલા સમસ્યાની જાણ તંત્રને થવી જોઈએ અને તેનો નિકાલ થવો જોઈએ. મોટાભાગે ગામડાઓમાં સ્ટ્રીટ લાઈટ, પાણી અને ગટરની ફરિયાદો મળી રહી છે. તેમાં નજીવા સમારકામની જ જરૂર હોય તેવા પ્રશ્નો વધુ હોય છે. ત્યારે આવી વાતે ફાઈલો તૈયાર કરવામાં આવે તો દિવસો નીકળી જતા હોય છે. હવે આવી માનસિકતામાંથી બહાર આવીને નાના કામ માટે ચોક્કસ ખર્ચની મર્યાદા નક્કી કરીને મંજુરી આપવાની વ્યવસ્થા કરવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને જણાવ્યુ છે. સાથે જ આવા પરચુરણ કામ માટે વાર્ષિક ધોરણે એજન્સી નક્કી કરી દેવા પણ કહ્યું છે.

અરજીઓને બિન જરૂરી ઈન્વર્ડ કરવાના બદલે તેનો ૨૪ કલાક કે નિયત દિવસ મર્યાદામાં ઉકેલ લાવવાની દિશામાં તંત્ર ગોઠવવા કહેવાની સાથે લગ્ન, જન્મ અને મરણના દાખલામાં ગ્રામવાસીઓને ધક્કા ખાવા ન પડે તેમ આયોજન કરવા જણાવ્યુ હતું. મહાનગર પાલિકાએ નવા વિસ્તારનો હવાલો સંભાળ્યા પહેલાના એટલે કે, તારીખ ૧૮મી જુન પહેલાના બિલો ઝડપથી મુકવા અને કલીયર કરવા પણ તાકીદ કરી હતી.

### ગામડાઓની ડમ્પિંગ સાઇટને બંધ કરી ગંદકી હટાવાશે

હવે મહાપાલિકામાં સામેલ થઈ ગયેલા દરેક ગામની કચરાના નિકાલની ડમ્પિંગ સાઈટ બંધ કરીને ત્યાંથી ગંદકી હટાવવાની રહેશે. ગામડામાં દરરોજ ઉત્પન્ન થતો કચરો હવે મહાનગર પાલિકાની સાઈટ પર જ નિકાલ કરવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

### જાહેરમાં સેનીટાઇઝ કરવા માટે દરેક ગામને પમ્પ અપાશે

વૈશ્વિક મહામારી કોરોના સંબંધમાં ગામમાં દવાનો છંટકાવ કરવા માટે દરેક ગામને નવા પમ્પ ફાળવવા મેયરશ્રી દ્વારા જણાવવામાં આવ્યુ હતું. સાથે જ સોડિયમ હાઈપો ક્લોરાઈડ દવા પૂરી પાડવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને જણાવ્યુ હતું.



રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ અને ગાંધી જયંતિ નિમિત્તે સેકટર-૩૦ ખાતે વ્યસનમુકત સમાજના નિર્માણ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના અગ્રણી પરમજીત કૌર છાબડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને યુવાનોને વ્યસનથી મુકત રહેવા અપીલ કરી હતી.

**માઉન્ટ કાર્મેલ સ્કૂલ પાસે ઊભી રહેતી નોનવેજની લારીઓ પર ઉભા રહેતા**

# અસામાજિક તત્વોને દુર કરવા શહેરીજનોની માંગ

ગાંધીનગર, તા.૩

કોરોના કાળમાં ઘરમાં રહેવું અને ઘરનું ખાવું નગરજનોને લગભગ માર્ચ મહિનામાં થયેલા **lockdown**થી સ્વીકારી લીધું છે. જ્યારે સંપૂર્ણ લોકડાઉન હતું ત્યારે તો ગાંધીનગરમાં કોઈ પણ લારી-ગલ્લા જોવા મળ્યા નથી. પરંતુ અનલોક શરૂ થતા અને ધીમે ધીમે મંજૂરી મળતા નાના-મોટા ધંધા શરૂ થવા લાગ્યા. જેમ કે ચાની કીટલી, દાબેલી, વડાપાવની લારી ઈંડા અને નોનવેજની લારી સાથે રેસ્ટોરન્ટ પણ હવે ધીમે ધીમે ખુલ્યા છે. અને આ દરેક વસ્તુ નગરમાં હાલ વેચાઈ રહી છે અને ખાસ શહેરમાં સેકટર-૨૧ ખાતે કોઈ પણ ખાણીપીણી મળી રહે તેવું કહેવાય છે. ત્યારે ૨૧ સેકટરમાં નોનવેજ પણ પૂરતા પ્રમાણમાં મળી રહે છે. માઉન્ટ કાર્મેલ સ્કૂલની સામેના ભાગમાં મોટી સંખ્યામાં ઈંડા અને મટન, ઝિંગા સહિત નોનવેજનું વેચાણ કરતી લારીઓ વર્ષોથી ઉભી રહે છે અને વસાહતીઓ માટે તે નડતર રૂપ બની રહી છે. ત્યાંથી આવતા જતા નોનવેજની સ્મેલ સાથે આ લારીઓ પર અસામાજિક તત્વો પણ અડિંગો જમાવી રહ્યા છે તેવું વોર્ડ નંબર ૩ મ્યુનિસિપલ કાઉન્સિલર પ્રણવભાઈ પટેલનું કહેવું છે આ ઉપરાંત તેઓ વધુમાં જણાવે છે કે અસામાજિક તત્વોને કારણે સામાજિક જીવન ઉપર માઠી અસર પડી રહી છે. સેકટર-૨૧ એ ગાંધીનગર શહેરનું મુખ્ય ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર હોવાથી અહીં સેંકડો લોકોને દરરોજ અવરજવર રહે છે. આ પરિસ્થિતિમાં બહેનો દીકરીઓ માટે અહીંથી પસાર થવું મુશ્કેલ બની રહ્યું છે. અસામાજિક તત્વોને કારણે અનિચ્છનીય બનાવ બને તે પહેલા નિવારણ આવે તેવી સ્થાનિકોની તથા શહેરીજનોની માંગ છે.

# આજથી વર્લ્ડ સ્પેસ વીક પ્રોગ્રામ ઉજવણીનો પ્રારંભ

**ગુજકોસ્ટ, સાયન્સ સિટી અને ઇસરો દ્વારા સંયુક્ત રીતે વર્ચ્યુઅલી આયોજન : સપ્તાહ દરમ્યાન ભારતીય ઉપગ્રહો અંગે વેબિનાર્સ યોજાશે**

ગાંધીનગર, તા.૩

વર્લ્ડ સ્પેસ વીક એ વિજ્ઞાન અને ટેક્નોલોજીનો અને માનવ સ્થિતિની સુધારણામાં તેના યોગદાનનો આંતરરાષ્ટ્રીય ઉત્સવ છે. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૧૯૯૯માં ઘોષણા કરી હતી કે વર્લ્ડ સ્પેસ વીક દર વર્ષે ૪ થી ૧૦ ઓકટોબર દરમિયાન યોજાશે. ચાલુ અવકાશ સંશોધન અને અવકાશ તકનીક અને ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો)ની સફળ કથાઓ વિશે જાગૃતિ અને સમજ ફેલાવવા માટે ગુજરાત સાયન્સ અને ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગુજરાત સાયન્સ સિટી અને સ્પેસ એપ્લીકેશન સેન્ટર( એસએસી-ઈસરો) સંયુક્ત રીતે વર્ચ્યુઅલ રીતે વર્લ્ડ સ્પેસ વીક પ્રોગ્રામની ઉજવણી કરવા જઈ રહ્યું છે.

વર્લ્ડ સ્પેસ વીકની તારીખો અવકાશ સંશોધનના ઈતિહાસમાં બે મહત્વપૂર્ણ ઘટનાઓને યાદ કરવા માટે પસંદ કરવામાં આવી હતી જે અંતર્ગત ઓક્ટોબર ૪, ૧૯૫૭ના રોજ સોવિયત યુનિયન દ્વારા પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ સ્પુટનિક પ્રથમ લોન્ચ કરવામાં આવ્યું હતું અને ૧૦ ઓક્ટોબર, ૧૯૬૭માં અવકાશ સંશોધન પર શાસન માટે અને અવકાશમાં સંસાધનોનો શાંતિપૂર્ણ ઉપયોગ માટેની સીમાચિહ્ન આંતરરાષ્ટ્રીય સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતાં.

આ સંદર્ભમાં 'ઉપગ્રહો જીવન સુધારે છે - આત્મનિર્ભર ભારત માટે ભારતીય ઉપગ્રહો' વિષયે વેબિનાર સત્રનું તા. ૪થી ઓકટોબર રવિવારના રોજ બપોરે સાંજે ૩ થી ૫ કલાક દરમિયાન આયોજિત કરવામાં આવ્યું છે. વેબિનારની ગૂગલ પ્લેટફોર્મ યોજવામાં આવશે. આ વેબિનારમાં સ્પેસ એપ્લીકેશન્સ સેન્ટર એસએસી-ઈસરોના એસોસીયેટ ડાયરેકટર અને નામાંકિત વિજ્ઞાની નિલેશ એમ દેસાઈ ઉપયોગી વક્તવ્ય આપશે અને 'આત્મનિર્ભરતા તરફ ભારતના અંતરિક્ષ કાર્યક્રમ' પર ચર્ચા કરશે. આ ઉપરાંત સાક-ઈસરોના નિવૃત્ત વરિષ્ઠ વિજ્ઞાની જયંત પી જોશી 'ઈસરોના કમ્યુનિકેશન સેટેલાઈટ્સ' પર ચર્ચા કરશે અને સાક-ઈસરોના નિવૃત્ત વરિષ્ઠ વિજ્ઞાની સી. એમ. નાગરાણી 'ભારતના રિમોટ સેન્સીંગ અને હવામાન ઉપગ્રહો' પર ચર્ચા કરશે. જ્યારે સાક-ઈસરોના જ વરિષ્ઠ વિજ્ઞાની ડો. મેહુલ આર. પંડ્યા 'સેટેલાઈટ્સના રિમોટ સેન્સિંગ અને તેના સામાજિક ઉપયોગ' પર ચર્ચા કરશે.

વેબીનારના અંતે પ્રશ્નોત્તરી સેશન રાખવામાં આવ્યું છે જેમાં ઈસરોના વિજ્ઞાનિકો ભાગ લેનારા વિદ્યાર્થી અને શિક્ષકોના પ્રશ્નોના જવાબ આપશે. વેબિનારમાં રાજ્યના તમામ જિલ્લાઓમાંથી સાથે દેશના અન્ય રાજ્યોની એસ એન્ડ ટી કાઉન્સિલના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એસટીઈએમ શાખાઓ, શિક્ષકો, વિજ્ઞાન કમ્યુનિકેટર્સ, કોમ્યુનિટી સાયન્સ કોર્ડીનેટર, ભાગ લેશે. આ કાર્યક્રમ ગુગલ મીટ પર અને યુ ટ્યુબ ચેનલમાં લાઈવ થશે.

ગુજકોસ્ટ અને તેના જિલ્લાના તમામ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર સપ્તાહ સુધી જે ઉજવણી ચાલશે તે દરમિયાન અવકાશી ફિલ્મો અને તથ્યોનું પ્રદર્શન કરશે. સમાપનના દિવસે એક વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિદ્યાર્થીઓને તેમના આત્મવિશ્વાસી અને પ્રયોગશીન બનાવવા માટે વિદ્યાર્થી ઉપગ્રહોને વિવિધ વિજ્ઞાનિક પ્રયોગો દ્વારા તૈયાર કરવા આવશે. આ મિશનમાં જોડાવા અને આગામી પેઢીને પ્રેરણા આપવા ગુજકોસ્ટે જાહેર આંમત્રણ આપ્યું છે.

### હાલ અવકાશમાં કેટલાં અને કેવા ઉપગ્રહો છે?

'સેટેલાઈટ' એ માનવસર્જિત વસ્તુ છે જે ગ્રહ અથવા અવકાશમાં કોઈ અવકાશી પદાર્થની આસપાસ ફરે છે. તકનીકી રીતે કહીએ તો ઉપગ્રહ એક મશીન છે જે કોઈપણ ગ્રહ અથવા તારાની ફરતે ભ્રમણ કરે છે. વિજ્ઞાનીઓ દ્વારા વિશિષ્ટ કાર્યો માટે તેમને અવકાશમાં મુકવામાં આવ્યાં છે. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે તેથી આપણે તેને પણ આપણે સેટેલાઈટ કહી શકીએ છીએ. તે જ રીત, ચંદ્ર પણ એક ઉપગ્રહ છે કારણ કે તે પૃથ્વીની ફરતે ભ્રમણ કરે છે. ઉપગ્રહો સામાન્ય રીતે 'ભૂસ્તરીય ભ્રમણકક્ષા' માં ફરે છે અને તેમના કાર્યના આધારે વર્ગીકૃત કરી શકાય છે. યુનિયન ઓફ કન્સર્ટેડ સાયન્ટિસ્ટ (યુસીએસ), કે જે ભ્રમણકક્ષામાં સક્રિય ઉપગ્રહોનો ડેટાબેઝ જાળવે છે તેમના મુજબ ૧લી એપ્રિલ, ૨૦૨૦ સુધીમાં અવકાશમાં કુલ ૨,૬૬૬ ઉપગ્રહો હતા, જેમાંથી ૧,૯૧૮ પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં હતા. ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) એ નવ પ્રકારના ઉપગ્રહોની સફળતાપૂર્વક ડિઝાઈન, વિકાસ અને લોન્ચ કર્યા છે જે આકાશમાં આંખનું કામ કરી રહી છે અને રાષ્ટ્રના સામાજિક વિકાસ માટે પુષ્કળ માહિતી અને સમર્થન પ્રદાન કરે છે. આ ઉપગ્રહોમાં કમ્યુનિકેશન્સ સેટેલાઈટ, રિમોટ સેન્સિંગ સેટેલાઈટ, નેવિગેશન સેટેલાઈટ, જીઓસેન્ટ્રિક ઓર્બિટ પ્રકારનાં ઉપગ્રહો, ગ્લોબલ પોઝિશનીંગ સિસ્ટમ, જિઓ સ્ટેશનરી સેટેલાઈટ્સ, ડ્રોન સેટેલાઈટ, ગ્રાઉન્ડ સેટેલાઈટ, પોલર સેટેલાઈટ, નેનો સેટેલાઈટ, તેમજ ક્યુબસેટ્સ અને સ્મોલસેટ્સનો સમાવેશ થાય છે.



ગાંધીનગરમાં ભૂગર્ભ ગટર લાઈનની વ્યવસ્થા ખુબ સુંદર છે. જેના કારણે શહેરમાં કયાંય ગંદકી જોવા મળતી નથી. જો કે રોડ પર ખુલતા ગટરના ઢાંકણાઓની ગુણવત્તા નબળી હોવાથી વારંવાર તે તુટી જાય છે. ટાટા ચોકડી પાસે સર્કલની બિલકુલ નજીક ગટરનું ઢાંકણું એવી રીતે તુટી ગયું છે કે જેનાથી અકસ્માત થવાનો ભય રહે છે.

## નાસતા ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૪

હત્યા અને પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા આરોપી નરેશ રાવળને ચિલોડા જતા માર્ગ પર બીએસએફ હેડ કવાટર પાસેથી સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે દબોચી લીધો છે. આરોપી પ્રોહીબિશન અને હત્યાના પ્રયાસના ગુનામાં છેલ્લા કેટલાક સમયથી તે નાસતો ફરતો હતો. પોલીસે તેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ તેમજ કોન્સ્ટેબલ સુરેશકુમારને ખાનગી રાહે સંયુકત બાતમી મળી હતી.જેને પગલે એસઓજી ની ટીમે ચિલોડા-ગાંધીનગર માર્ગ પર આવેલા બીએસએફ હેડ કવાટર પાસે ઉભેલા નરેશ રવજીભાઈ રાવળ (રાવળવાસ કોલવડા), ને પકડી પાડ્યો હતો. ગત તા. ૨૧ એપ્રિલના રોજ રાત્રીના સુમારે આરોપી સહિત ચાર શખ્સોએ કોલવડા ગામના યુવક પર તલવાર-ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. સેકટર-૨૧,ચિલોડા અને સેકટર-૭ અને પેથાપુર પોલીસ મથકના પ્રોહીબીશન, મારામારી અને હત્યાના પ્રયાસ સહિતના ગુના નોંધાયેલા છે. જયારે કેટલાક ગુનામાં તે નાસતો ફરતો હતો. જેથી આ રીઢા ગુનેગારને એસઓજી દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## ચરેડી અને આદીવાડા ખાતે વોશ યોર હેન્ડ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩

મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે ચરેડી અને આદીવાડા ખાતે 'વોશ યોર હેન્ડ' કાર્યક્રમ યોજાયો હતો.

ભાજપના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત આ વિસ્તારની બહેનોને રેડ ક્રોસ દ્વારા બે નંગ સાબુ આપવામાં આવ્યા હતા. કોરોના કાળમાં હાથ કેટલીવાર અને કેવી રીતે ધોવા તેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ વિસ્તારની આંગણવાડીઓની આસપાસ સફાઈ કાર્ય હાથ ધરાયું હતું.

# લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિનાનો વિધિવત્ ઉદઘાટન

**હોદ્દેદારોનો શપથવિધિનો કાર્યક્રમ યોજાયો : લાયન્સ ડિસ્ટ્રિક્ટ ગર્વનર નરેન્દ્ર પટેલ, ઇન્સ્ટોલેશન ઓફીસર લા. સંજીવ છાજેર અને ફર્સ્ટ વાઇસ ડિસ્ટ્રક્ટ ગર્વનર જગદીશ અગ્રવાલની પ્રેરણાદાયી ઉપસ્થિતિ**

ગાંધીનગર, તા.૩

ગાંધીજયંતીના શુભદિને લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિનાના ચાર્ટર પ્રેસિડન્ટ તરીકે મમતા રાવલ તથા સમગ્ર ટીમનો શપથવિધિ જેસીઝના પૂર્વ નેશનલ પ્રેસિડન્ટ તેમજ પાસ્ટ ડિસ્ટ્રક્ટ ગર્વનર સંજીવ છાજેરે કરાવી હતી. સેક્રેટરી તરીકે દક્ષા જાદવ અને ટ્રેઝરર તરીકે આરતી ભટ્ટ અને વાઈસ પ્રેસિડન્ટ તરીકે વૈશાલી જોષી, ડિમ્પલ દેસાઈ, ચંદા યાદવે પણ શપથ ગ્રહણ કર્યા હતા. તેઓના સુંદર વકતવ્યથી શ્રોતાજનો અભિભૂત થયા હતા.

ગીફ્ટ સિટિ કલબમાં યોજાયેલ શપથવિધિ, ચાર્ટર પ્રેઝન્ટેશન, કલબ ઉદઘાટનના આ ત્રિવેણી કાર્યક્રમમાં લાયન્સના ફર્સ્ટ વાઇસ ડિસ્ટ્રક્ટ ગર્વનર દ્વારા કલબ ફેમિનાના ઉદઘાટનની પારંપરિક વિધિ કરાવી હતી. આ સાથે ટીમ ફેમિનાએ ખૂબ જ કલાત્મક રીતે દીપપ્રાગટ્ય કરાવીને આ કાર્યમાં પવિત્રતાનું ઉમેરણ કર્યુ હતું. જગદીશ અગ્રવાલે ટીમના સભ્યોને પીન દ્વારા સન્માનિત કરી લાયન્સ કલબની સેવા પ્રવૃત્તિઓમાં દીર્ઘ સેવાની ભલામણ કરી હતી.

ત્યાર બાદ ડિસ્ટ્રક્ટ ગર્વનર નરેન્દ્ર પટેલ દ્વારા કલબ ફેમિનાને ઈન્ટરનેશનલ તરફથી પ્રાપ્ત ચાર્ટર સર્ટીફીકેટ અર્પણ કરાયું હતું. આ સાથે-સાથે તમામ સભ્યને ચાર્ટરપીન, સર્ટીફીકેટ, હેલ્થકાર્ડથી સન્માનિત કરાય હતા. ફેમિના ટીમ દ્વારા ચાર્ટર ડે એટલે કે કલબના જન્મદિનની ઉજવણી આનંદ પૂર્વક ગરબા રમીને તેમજ કેક કાપીને કરવામાં આવી હતી.





ચાર્ટર પ્રેસિડન્ટ તરીકે શપથ લેતાં મમતા રાવલે તેમની લાગણી સભર સ્પીચમાં લાયન્સ સંસ્થા સાથેનાં ૨૨ વર્ષની કામગીરીને વાગોળતાં તમામ જૂના સાથી મિત્રો, પૂર્વ પ્રમુખો, કલબ ફેમિનાના ફાઉન્ડર્સનો આભાર માન્યો હતો. પ્રમુખ મમતા રાવલે આવનારા સમયના, કોરોનાના કપરાકાળને સાથે રાખીને કરવાના સેવાકાર્યોનો સંકલ્પ જાહેર કર્યો હતો. ઝોન કાઉન્સિલર રાજ ગૌડા અને રીજીયન ચેરમેન અતુલ જોષીએ હાજરી આપી હતી. અને સમગ્ર ઉત્સાહી ફેમિના ટીમનો આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન લાયન્સ પૂર્વ પ્રમુખ નિમેષ રાવલે અને આભારવિધિ અર્ચનાબેન દવે એ કરી હતી.

## ચિરવિદાય

- સ્વ. શર્મિષ્ઠા પ્રફુલચંદ્ર ત્રિવેદી, ઉ.વ. ૭૫, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. માળી અરજણભાઈ કલાભાઈ, ઉ.વ. ૬૨, બેળાપ, તા. સુઈગામ, બ.કાં.
- સ્વ. કનુભાઈ બાબુભાઈ ભંગી, ઉ.વ. ૨૬, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. અરવિંદભાઈ વવ્યાસ, ઉ.વ. ૭૯, સોકટર-૫, ગાંધીનગર
- સ્વ. ચૌહાણ દરીયાબા દેવીસિંહ, ઉ.વ. ૭૮, રાધીવાડ, તા. ખેડબ્રહ્મા, જી. સા.કાં.
- સ્વ. ભીખાજી ડાહ્યાજી ઠાકોર, ઉ.વ. ૫૪, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. પરમાર હિરાબેન પ્રવિણભાઈ, ઉ.વ. ૫૧, બોરીસણા, તા. કલોલ
- સ્વ. ફુલાભાઈ ગાંડાભાઈ રાવળ, ઉ.વ. ૬૦, પાલજ (રામપુરા), ગાંધીનગર
- સ્વ. પટેલ શકરીબેન કનુભાઈ, ઉ.વ. ૬૩, લાંગણજ, તા.જી. મહેસાણા
- સ્વ. જીલુસિંહ હરૂસિંહ વાઘેલા ઉ.વ. ૫૮, લેકાવાડા, તા. ગાંધીનગર